ICT અને ઇ-ગવર્નન્સ માટે સોશ્યલ મીડીયાના ઉપયોગ
કરવા ટાસ્કફોર્સની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૪-૩૪૩-ક.
સચિવાલય ગાંધીનગર.
તા.    /૦૫/૨૦૧૪

**<u>વંચાણે લીધાઃ</u>**

મુખ્ય સચિવશ્રીના તા.૩૦/૧/૨૦૧૪ નો ઇ-મેઇલ

<u>ઠરાવઃ-</u>

માન.મુખ્યમંત્રીશ્રી ધ્વારા બેસ્ટ ગવર્નન્સ માટે ઇ-ગવર્નન્સના ઉપયોગ માટે આપવામાં આવેલ સૂચનો તથા તેઓશ્રી ધ્વારા લેવાયેલ અવલોકનો અન્વયે તા.૨૨ અને ૨૯/૧/૨૦૧૪ ના રોજ મળેલ સચિવશ્રીઓની બેઠકમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ધ્વારા પ્રેઝેન્ટેશન રજુ કરવામાં આવેલ હતું. પ્રસ્તુત બાબતે ઉપર વંચાણે લીધેલ મુખ્ય સચિવશ્રીના તા.૩૦/૧/૨૦૧૪ ના સચિવાલયના સર્વે વિભાગોને મોકલેલ ઇ-મેઇલમાં ICT તેમજ e-Governance ના ઉપયોગ અન્વયે મુદાવાર કાર્યવાહી કરવા સચિવાલયના સર્વે વિભાગોને જણાવેલ છે.

આ એકશન પ્લાનના મુદાઓમાં જણાવ્યા મુજબ ICT તેમજ e-Governance માટે અને તેમાં સોશ્યલ મીડીયાનો ઉપયોગ પણ કરવા માટે ટાસ્કફોર્સની રચના કરવાની રહે છે. જે અંગે આ વિભાગમાં ટાસ્કફોર્સની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ઉપર્યુકત કામગીરી માટે આ વિભાગ હેઠળ નીચે મુજબ ટાસ્કફોર્સની આથી રચના કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | અગ્ર સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ | - | ચેરમેન |
| (૨) | કમિશનર, આદિજાતિ વિકાસ | - | સભ્ય |
| (૩) | સંયુકત સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ | - | સભ્ય |
| (૪) | મુખ્ય કારોબારી અધિકારી, ડી-સેગ | - | સભ્ય |
| (૫) | કાર્યપાલક નિયામક, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સોસાયટી | - | સભ્ય |
| (૬) | સંયુકત નિયામક. (વન અધિકાર અધિનિયમ), આદિજાતિ વિકાસ, કમિશનરની કચેરી | - | સભ્ય |
| (૭) | મુખ્ય માહિતી અધિકારી, આદિજાતિ વિકાસ વિભાગ | - | સભ્ય |
| (૮) | પ્રાયોજના વહીવટદાર. કમિશનરશ્રી (આ.વિ) નકકી કરશે | - | સભ્ય |
| (૯) | તકેદારી અધિકારી. કમિશનરશ્રી (આ.વિ) નકકી કરશે | - | સભ્ય |
| (૧૦) | એન.આઇ.સી.ના પ્રતિનિધિ | - | સભ્ય |

(૧૧) જી.આઇ.એલ.ના પ્રતિનિધિ - સભ્ય

(૧૨) ડોમેઇન એકસર્પટ, કન્સલટન્ટ, ડી-સેગ (શ્રી રમણજીત ગુપ્તા) - સભ્ય

(૧૩) આઇ.ટી. પ્રોફેશનલ (કરાર આધારીત નિમણૂંક આપવામાં આવશે)- સભ્ય

(૧૪) ઉપ સચિવ (સંકલન), આદિજાતિ વિકાસ વિભાગ - સભ્ય સચિવ

આ ટાસ્કફોર્સે નીચે મુજબની કામગીરી કરવાની રહેશે. અને આ કામગીરીના અમલીકરણ માટે એકશન પ્લાન તૈયાર કરવાનો રહેશે.

(૧) e-Governance માટે લોંગ ટર્મ રોડ મેપ તૈયાર કરવો.

(૨) વિભાગ તથા ખાતાના વડાની કચેરીઓની વેબ સાઇટ અપડેટ કરાવવી.

(૩) એમ-ગવર્નન્સ પ્રોત્સાહન પુરૂ પાડવુ તથા મોબાઇલ એપ વિકસાવવું.

(૪) રાજયમાં વાઇ-ફાઇ નેટવર્ક પુરૂ પાડવા સ્થળ નકકી કરવું.

(૫) જી.આઇ.એસ. અને SATCOM નો ઉપયોગ કરવો.

(૬) સાયબર સિકયુરીટી માટે કાર્યવાહી કરવી.

(૭) સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરવો.

(૮) માહિતીના પ્રસારણ માટે સોશ્યલ મીડીયા, ઇલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડીયા તથા સરકારી પબ્લીકેશનનો ઉપયોગ કરવો.

(૯) શોર્ટ-ટર્મ કોર્સનું આયોજન કરવું.

(૧૦) યુવાનો, નાગરિકો તેમજ એન.આર.જી. સરકારની નિતિઓ બનાવવા ઉપયોગી થાય તેવા પ્રયત્નો કરવા.

(૧૧) પી.પી.પી. મોડેલ ધ્વારા ડીઝીટલ સાક્ષરતાનો પ્રચાર કરવો.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રીની તા. /૦૪/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
ઉપ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ અને ટેકનોલોજી વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ) બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રીના અંગત સચિવશ્રી. આદિજાતિ વિકાસ વિભાગ. સચિવાલય, ગાંધીનગર.

- ઉપ સચિવશ્રી (સંકલન) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય માહિતી અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સંયુકત નિયામકશ્રી, ફોરેસ્ટ રાઇટ એકટ સેલ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી, આ.વિ.
- સર્વે તકેદારી અધિકારીશ્રી, આ.વિ.
- નિયામકશ્રી, ગુજરાત ઇન્ફોરમેટીક લી. ઉધોગ ભવન, ગાંધીનગર.
- એન.આઇ.સી. બ્લોક નં.૧૩. સચિવાલય, ગાંધીનગર.
- કન્સલટન્ટ (રમણજીત ગુપ્તા) ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- આઇ.ટી. પ્રોફેશનલ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ